નમસ્કાર ગાંધીનગર

પમરાટ

હું કવિતા લખું છું
ત્યારે તને લખતી નથી
તું કવિતા નથી જ....
કવિતાને તો બધાં દાદ આપે
એ બધાંને જ ગમી જાય
પણ તું બધાંને ગમે એ મને ના ગમે
અને એટલે
હું ઈર્ષ્યાળુ સ્ત્રી
કવિતા લખું છું
પણ કવિતામાં તને લખતી નથી...!!

એષા દાદાવાળા.

પાથેય

તું કવિતા નથી...!

'સરળ કાવ્યો એ સુખી માણસના ચહેરા જેવાં હોય છે.'એવું સુરેશ દલાલ કહે છે.કોઈપણ પ્રશસ્ત કૃતિનું આ લક્ષણ હોય છે.એ તિર્યક નજરે તિરોધાન કરે છે.કાવ્યકંડિકા ઘણીવાર તિલસ્માતથી કમ નથી હોતી.કવિતા એ આત્માની પરિભાષા છે.હદયની પ્રતિકૃતિ છે.કવિ અને કવિતા વિશે ઘણું લખાયું છે.પોતાની મનગમતી વ્યક્તિ કે પ્રિય પાત્ર ઉપર કવિતા લખવી સહજ છે.પરંતુ શબ્દના માધ્યમથી પ્રિયજનને પામવું એટલું સહેલું નથી.એટલે જ કવિયત્રી કહે છે કે હું કવિતા લખું છું,ત્યારે એ શબ્દોનો સ્વૈરવિહાર હોય છે.તું સ્વયં કવિતા હોતો નથી !

કાવ્ય એ માનવહદયનો સૂક્ષ્મ મધુર ઉદગાર છે.કાવ્યની પરિભાષા વાતાવરણ કે શબ્દોની મોહતાજ હોતી નથી.એ એક પ્રહેલિકા છે.તરવું ,તંતરવુ ,ને તસ્કરવું એ જેમ આપકળાઓ છે એમ કવિતા પણ કોઠાસુઝની કળા છે.કવિતા કાનથી સાંભળીને ઘડાય છે.અંતરથી ઉભરાય છે.અને શબ્દોમાં સજાવટ પામે છે. આપણે ત્યાં કવિઓનો મહિમા અચુક થાય છે, પણ કવયિત્રીઓના પ્રદાનની બહુ નોંધ લેવાતી નથી.મહિલા સશકિતકરણના આજના જમાનામાં ગુજરાતી ભાષાની કવયિત્રીઓને યાદ કરીએ તો હદય પુલકિત થઈ જવાય એવાં નામો છે... "નાચન લગી તબ ઘૂંઘટ કેસો.?" એવુ કહેનાર મીરાં પહેલી ગુજરાતી કવયિત્રી છે..'મીરાં સામે પાર" નામે રમેશ પારેખનો કાવ્યસંગ્રહ છે.. મધ્યયુગમાં જ ગંગાસતી..દિવાળીબાઈ..સતી લોયણનાં સુંદર પદો છે..ભકિત એ એમના કવનનો પ્રાણ છે. સંવેદના સ્ત્રી સહજ મનોભાવ છે.કવિતા એ સ્ત્રી હદય માટે એક સહજ ઉદગાર બની જાય છે. સુધારક યુગની કવયિત્રી બાઈ એસ્તર ખીમચંદ લખે છે. "ભભ્ભા ભકિત સાચી ભોર,દુષ્ટતણો કયમ ચાલે દોર. ?" આ યુગમાં જો કે કવિઓ જ છવાયેલા હતા.ભલે જૂજ સંખ્યામાં પણ એ સમયની કવયિત્રીઓનું પ્રદાન પણ નોંધપાત્ર છે. પંડિતયુગમાં તાપીગૌરી મુન્શી..વગેરે પ્રતિભાઓ છે..રતી ફેઝર,પીરોઝ ભરુચા જેવી પારસી કવયિત્રીઓ પણ છે.કવિતા હવે ભકિત કે પ્રાર્થનાથી આગળ વધે છે.આમછતાં સહજ નારી સંવેદનોની હજુ ઓટ હતી. રોમેન્ટિક અને પ્રાકૃતિક કાવ્યો હજુ જોજનો દૂર હતાં.

દરેક યુગની આગવી સૂચી છે.ગાંધીયુગ અનેક નવી આશાઓના ઉઘાડ સાથે આવ્યો.જાણીતાં નામો.ધનબાઇ વાડીયા,ગુલબાનુ ગઝદર,એની સરૈયા,હીરાબહેન પાઠક,પન્ના નાયક,અને "સુકાં પર્ણો વન ગજવતાં..શાંત લીલાં સદાય.." એવું કહેનાર ગીતા પરીખ મુખ્ય છે.

આધુનિકો યુગમાં સરૂપ ધ્રુવ..પ્રીતિ સેનગુપ્તા..વિજુ ગણાત્રા. ઝરીના ચાંદ..થી. હાલે લખતાં પ્રજ્ઞા પટેલ..લક્ષ્મી ડોબરીયા..લતા હિરાણી...રક્ષા શુકલ...એષા દાદાવાલાથી નવા પગરણ જેવી અનેક પ્રતિભાઓની ગૌરવવંતી યાદી છે. આ યાદીમા ઘણાં નામો આવી શકે...અત્રે યાદ આવ્યાં એમ નમુનારૂપ નામો લખ્યાં છે સ્વાભાવિક જ એમાં હજુ અનેક નામો મુકી શકાય..એક આશ્ચર્યની વાત છે કે ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ દલિત લેખકો મળ્યા છે પણ દલિત કવયિત્રીનો અવાજ હજુ આવ્યો નથી ! પણ આશા રાખી શકાય છે. ગુજરાતી સાહિત્યમાં કવિઓ તો લાજલાબ છે..એમની સૂચી ભલે લાંબી છે..પરંતુ નાનકડી યાદીમાં સમાઈ જતી કવયિત્રીઓ પણ કાબિલેદાદ છે....!!

રસ્તા પર નિર્દોષોને કચડાતા અટકાવવા કડક સજા જરૂરી છે..!

બાપ કમાઈના બાંબુડિયા હોય કે પછી વગર વિચાર્યે કે ગંભીરતા સમજાવ્યા વગર કે બાળકને ' આનાથી લોકોના જીવ પણ જાય ' એવું સમજાવ્યા વગર ચાવી આપી દેતા વાલીઓ હોય કે પછી રોડ રેસિંગ કરતાં નબીરાઓને કડક પાઠ ભણાવવામાં ઊણી ઊતરતી આપણી પોલીસ હોય કે પછી કાનૂન બનાવ્યા પછી એનો કડકાઈથી અમલ કરાવવામાં કાચી પડતી આપણી વ્યવસ્થા હોય કે પછી ત્વરિત ન્યાયને બદલે વર્ષોના વર્ષો ચાલતા કેસોને લીધે કોર્ટના ચક્કરથી કંટાળીને આપણા વ્હાલસોયાના અકાળે મોતના બદલામાં સમાધાન કરતાં હું ને તમે હોઈએ.. સરવાળે સડક પર સ્પીડમાં દોડતું ચાર પગાળું મોત આપણી ક્ષણભંગુર જિંદગીનો એક અહમ ભાગ બનતું જાય છે એમાં કોઈ શંકાને સ્થાન નથી જ. ગડકરી સાહેબે ભલે ને એમ કહ્યું હોય કે ૨૦૨૪ સુધીમાં માર્ગ અકસ્માતોની સંખ્યા અર્ધી કરવાનું સરકારનું લક્ષ્ય છે પણ ૨૦૨૪ તો હવે કાઇ બહુ દૂર નથી એવામાં માર્ગ અકસ્માતો કુદકે ને ભૂસકે વધી જ રહ્યા છે. એક પ્રશ્નના જવાબમાં રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર ગડકરી સંસદમાં લેખિતમાં જણાવી ચૂક્યા છે કે ભારતમાં દર કલાકે સરેરાશ ૧૮ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરોના આંકડા પ્રમાણે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૮૨,૧૫૫ અકસ્માતમાં ૩૬,૭૮૮ લોકોના મોત થયા અને ૭૭૨૫૬ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. તો ૨૦૨૧માં દેશમાં એક વર્ષમાં થયેલા લગભગ ૪ લાખ જેટલા અકસ્માતોમાં અંદાજે દોઢ લાખ લોકોના મૃત્યુ થાય. હવે આ દોઢ લાખ વાંચીને તમને એમ થાય કે ઠીક છે હવે ૧૪૦ કરોડના દેશમાં આવું તો થયા કરે. પણ ચોંકાવનારા આંકડા હવે આવે છે. અસલમાં આ ચાર લાખ અકસ્માતોમાં ઓલમોસ્ટ ૬૦% જેટલા અકસ્માતો ઓવરસ્પીડીંગ , ખોટા ઓવરટેકીંગ કે બેફામ ડ્રાઇવિંગને લીધે થયેલા.

ચોંકી ગયા ને..?? અને ચોંકવાની સાથે સાથે તમને વિસ્મય અને તથ્ય પટેલ પણ યાદ આવી જ ગયા હશે. જી હા રસ્તાઓને પોતાના પૂજ્ય પિતાશ્રીઓની મિલકત સમજતા આવા બેફામ ગાડી ચલાવનારા નબીરાઓને લીધે જ દેશમાં અને રસ્તાઓ પર અનેક નિર્દોષો હણાય જાય છે. મગજની નસોમાં જામી ગયેલા પૈસાના નશાને લીધે સ્ટીરીંગનો કાબૂ ગુમાવનાર આવા નબીરાઓની બુધ્ધિ વગરની આવી આંધળી સ્પીડી દોટને લીધે સડક પર વાહન લઈને જતો કે ચાલીને જતો કોઈ વ્યક્તિ સલામત છે કે નહીં એ હવે ચર્ચાની સાથે સાથે ચિંતાનો વિષય પણ બની ચૂક્યું છે. આગળ લખેલા દોઢ લાખનો આંકડો તો મૃત્યુ પામનારનો છે પણ એ ચાર લાખ જેવા અકસ્માતોમાં ઇજાગ્રસ્ત કે પછી અપંગ થયેલા લોકોનો આંકડો તો કદાચ આનાથી પણ મોટો હોય શકે છે અને માઇન્ડવેલ કે આ આંકડો તો માત્ર સરકારી ચોપડે ચડેલા અકસ્માતોનો છે. દેશના અંતરિયાળ વિસ્તારોમાં થતાં અને સરકારી ચોપડે નહીં ચડેલા અકસ્માતોનો આંકડો તો હું ને તમે માત્ર કલ્પી જ શકી એમ છીએ. યાદ છે ને હમણાં થોડા જ સમય પહેલા થયેલ ટાટા સન્સના ભૂતપૂર્વ ચેરમેન સાઇરસ મિસ્ત્રીનું રોડ અકસ્માતમાં મોત. એમના અકસ્માતનું કારણ પણ ઓવરસ્પીડ અને ખોટું ઓવરટેકીંગ જ હતું ને..???? ઉપરના આંકડાઓમાં એક કરૂણ અને હૈયું હચમચી જાય એવા આંકડા એ છે કે મૃત્યુ પામનાર લોકોમાંથી લગભગ ૪૦% લોકો ૨૧ થી ૪૫ વર્ષની ઉમરના હતા. મતલબ કે મોટાભાગના એમના પરિવારના કમાઉ વ્યક્તિ હતા કે પછી એમના પરિવારને એમના પર આશાઓ હતી. કોઈ કેસમાં સરકારી વળતર મળ્યું હોય તો ઠીક છે બાકી વિચારી જુઓ કે કોઈના પાપે મોતને ભેટેલા એ વ્યક્તિના પરિવારની હાલત શું થતી હશે. ?? પોતાના સ્વજનને કોઈ જ વાંકગુના વગર ગુમાવનાર પરિવારે પછીથી એની ખોટને પૂરી કરવા અને ન્યાય માટે વર્ષો સુધી કોર્ટના ચક્કરો ખાવા પડે એ તો સ્વજનના મોત કરતાં પણ વસમું ના કહેવાય..???

તથ્ય પટેલ કે ઇવન વિસ્મયના કેસમાં મીડિયામાં અને લોકોમાં જબરો ઉહાપોહ થયો અને એક્શન લેવાયા પણ તથ્યના કેસ પછી જ ન્યૂઝપેપરોમાં એવા ઘણા કિસ્સા સામે આવ્યા છે કે જેમાં ભોગ બનનારના કુટુંબીજનો હજુ ન્યાયની પ્રતિક્ષા કરી રહ્યા છે. એ તો ઠીક છે પણ તથ્યના બનાવ પછીથી એકલા અમદાવાદમાં જ ડ્રિંક એન્ડ ડ્રાઇવ સહિતના બે-ચાર બેદરકાર ડ્રાઇવિંગના બનાવો બની ચૂક્યા છે. માલેતુજાર બાપના સંતાનો કાયદાની છટકબારીના લાભો લઈને જમીન પર છૂટી જતાં હોય છે પણ એમની આછકલાઈને લીધે જીવ ગુમાવનાર લોકોના પરિવારનું શું ? નબીરાઓના કેસમાં છટકબારીઓના લાભ કેવી રીતે લેવાય છે એ તો બધાને ખબર જ છે. કાયદાઓ છે.. તંત્ર છે.. સગવડો છે પણ ઇચ્છાશક્તિ ક્યા ? થોડા દિવસ ઉહાપોહ થયા પછી બધુ બીજો કોઈ તથ્ય કે વિસ્મય રસ્તે ઉભેલા કે રસ્તા પર જતાં લોકો પર પોતાના પૈસાનું ઘમંડ ચડાવીને એમને કચડી નાખે ત્યાં સુધી જૈસે થે થઈ જાય છે. ફરી આવું કઈક થાય એટલે કાગારોળ શરૂ થઈ જાય છે પણ આવી નસલો પર નકલ ક્યારે કસવી એ કોઈ જાણતું નથી. સમાજમાં અને ખાસ તો આવી રીતે રસ્તાને પોતાના બાપાની મિલકત સમજતા લોકો પર કોઈ ઠોસ કદમ કેમ નથી લેવાતા ? કેમ એવો કોઈ દાખલારૂપ ચુકાદો નથી આવતો કે બીએમડબ્લ્યુ કે જગુઆરને જાનલેવા સ્પીડ સુધી પહોંચાડવાનો વિચાર કરતાં પહેલા ચલાવનારના હાથ-પગ ધ્રૂજવા માંડે..???

એવું નથી કે કાયદા નથી કે પછી પોલીસતંત્ર કે ન્યાયતંત્ર સજાગ નથી પણ છતાંયે આવા રોડ રેસિંગના કેસમાં અને ખાસ તો જ્યારે એમાં કોઈ નબીરો સંડોવાયેલો હોય ત્યારે લોકોને એમ જ થાય છે કે ' ભલે ને.. બાકી આ છૂટી જશે.. આને કાઇ થશે નહીં '. જો કે વિસ્મયના કેસમાં જેલની સજા આપીને ન્યાયતંત્રે એક સીમાચિન્હ બેસાડેલું પણ એ ચુકાદા પહેલા બનેલી ઘટનાઓ એ વાતની સાક્ષી છે કે ત્વરિત ન્યાય હજુ પણ મળતો નથી જ. કાયદા ધીમે ધીમે કડક પણ થઈ રહ્યા છે. પોલીસ પણ સજાગ છે પણ આ બધુ ઘોડા છૂટી જાય પછીનું છે. તથ્યના કેસમાં પોલીસે અત્યાર સુધીની સૌથી ઝડપી ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી છે એટલું જ નહીં પણ સજ્જડ પુરાવાઓ એકઠા કરવા પણ જહેમત ઉઠાવી રહી છે અને સરકારે પણ ૪૫ દિવસમાં સજાનો વાયદો કર્યો છે પણ સવાલ એ થાય છે કે શું આવા દરેક બેદારકારીભર્યા ડ્રાઇવિંગવાળા કેસોમાં આટલી ઝડપી કાર્યવાહી થાય છે ખરી ? પૈસાદારના નબીરાઓ પૈસાના જોરે ગમે તેવા અકસ્માતો કર્યા પછી પણ પૈસાના જોરે ' છૂટી જાશું ' એવી હવા રાખતા હોય છે એ હવા કાઢવાની જરૂર છે અને એના માટે અત્યારે જે રીતે પોલીસ તપાસ કરી રહી છે કે ઝડપી ન્યાય આપવાની સરકારે ખાતરી આપી છે એ મુજબ દરેક કેસમાં થવું જોઈએ. સાથે સાથે પૈસાદાર બાપાઓએ માતેલા સાંઢની જેમ દોડીને નિર્દોષોને કચડી શકતી ગાડીઓની ચાવી પોતાના સુ કે કુપુત્રને આપતા પહેલા સો વાર વિચાર કરવો પડશે. અકસ્માત થયેલો તો લોકોએ જોવા ના ઊભું રહેવાય કે પોલીસે કોર્ડન નહોતું કર્યું કે ઘટના સ્થળે પૂરતો પ્રકાશ નહોતો એવી દલીલો કે લુલા બચાવો આવા બેદારકારીભર્યા ડ્રાઇવિંગ કરીને થયેલા અકસ્માતોમાં અકાળે મોતને ભેટનારાઓનું અપમાન છે અને આનો એકમાત્ર જવાબ કડકમાં કડક સજા જ છે કે જેથી ભવિષ્યમાં કોઈ જગુઆર આવા અનેકો નિર્દોષોને કચડી ના નાખે.

(akurjt@gmail.com)

લગન લાકડાના નહીં, લોખંડના લાડું છે !!



ના જાણ્યું જાનકીનાથે સવારે શું હવાનું છે' આ કહેવત અગડંબગડં કોલોનીના રહીશો માટે વધુંને વધું સાચી પડતી જતી હતી. થોડા જવાનિયાઓને એમ હતું કે નટુના લગ્નમાં આપણે 'નાટુ... નાટુ' વાળું ગીત ઉપર નાચશું. થોડા સમય પહેલાં આ ઑસ્કાર્ડ વિજેતા ગીત ઉપર ઑર્થોપેડિક કેસ થયેલા કારણ ત્રણ જણ પડી ગયેલા, બે ને ડીસલોકેશન અને એકન એ ફ્રેક્ચર કરાવવું પડેલું. આજે હવે બુઢ્ઢા નાથાલાલનો વરઘોડો કાઢવાનો વખત આવ્યો છે. પ્રોફેસર જળાશંકરે ખુબ જ મંથન કર્યા પછી મગનલાલના ઘર તરફ દોટ મુકી. એટલે એ થોડા ઝડપી ચાલતા હતા. ગુજરાતીમાં એક કહેવત છે કે જેનાં સાસુ બહેરાં હોય એ જણ સ્વાભાવિક ક્રમમાં જ જોરથી બોલતો હોય છે. ઘણીવાર મોટેથી બોલીને બહેરા સાસુનું બહેરાપણું ઉજવતો હોય છે. એ રીતે જળાશંકર કોઇ કારણ ના હોય ત્યારે આવી અર્ધદોડ લગાવતા. પ્રોફેસર જળાશંકર સત્યાકાંક્ષી અને એમનાં પત્ની મગનલાલને ત્યાં એટલા માટે પહોંચી ગયા કારણ એ જાણવા માંગતા હતા કે નાથાલાલે એકદમ આવી રીતે દુર્ગા સાથે પરણવાનું નક્કી કેવી રીતે કરી લીધું.

આમાં બન્નેના 'ઇન્ટરેસ્ટ' જુદા હતા. જળાશંકરને ઈર્ષ્યા હતી કે હવે નાથાલાલ એનાથી સુખી થશે અને એની વહુને એમ હતું કે દુર્ગા જેવી સ્માર્ટ લેડી સોસાયટીમાં કાયમી થશે તો પ્રશ્નો વધી જશે.

આ બાજુ નાથાલાલ અને દુર્ગા હજી એકબીજાને સમજાવી શક્યા નહોતા કે પોતે શા માટે પરણી રહ્યા છે. જો કે કમોસમી વરસાદે કોઇ દિવસ વાદળ આગળ કોઇ ખુલાસો કરવાનો હોતો નથી. કમોસમી એટલે કમોસમી. બાકીના લોકો તમાશો જોવા પોતપોતાની બારીઓ ધોઇને તૈયાર થયા હતા.

પૂર્ણપરાક્રમસિંહના મનમાં કોઇ મુંઝવણ નહોતી પણ એચઆરપી જાતના માણસોની એને સુગ રહેતી. એચઆરપી એટલે હરખપદુડા. આ સોસાયટીમાં આવા માણસોની ખોટ નહોતી. ચારે બાજુ બધા પોતપોતાના નવાં કપડાં સીવડાવવા અને કોઇપણ રીતે સોસાયટીની આબરુંનો ઈન્ડેક્ષ ઉપર લાવવા મહેનત કરવા કૃતનિશ્ચયી હતા. નાથાલાલ જયશંકર જોશીને મળીને આવ્યા, તો એમણે મુહૂર્ત કાઢવાને બદલે અગિયાર પ્રશ્નો આપ્યા. એમનું કહેવું હતું કે આમ અચાનક નક્કી થયેલાં લગ્નો માટે ગ્રહો ટેવાયેલા નથી હોતાં એટલે ગુણાંક કાઢવા જઈએ તો સીસ્ટમમાં 'એરર' બતાવે છે. શનિની પનોતી ચાલતી હોય એ લોકો આવા બીજવર માટે ખાનગીમાં ત્રણચાર ગંદા લોકોને બોલાવીને ઘડિયાં લગન જેવી વ્યવસ્થા ગોઠવતા હોય છે. કારણ એમાં કોઇને એવો ઉત્સાહ નથી હોતો, આ તો બે ઘરડાં માણસોને ઠેકાણે પાડવાનો ખેલ હોય છે. પણ સોસાયટીના લોકોના ઉત્સાહનું શું? આ અગડંબગડં કોલોનીના મહાન માણસો માનતા હતા કે કારણ ગમે તે હોય એમને તો ઉજવણી કરવી છે, એક માહોલ ઉભો કરવો છે.

આવા અતિસામાજિક પ્રશ્નોની ચર્ચા કરવા મગનલાલે એક મીટીંગ બોલાવી. છદ્મવેશી છગનલાલને ખાસ કહેવામાં આવ્યું કે આ પ્રસંગ કોઇપણ રીતે શુભ લાગે એટલા માટે તમારે અપ્રાસંગિક કે પ્રસંગોપેક્ષિત પ્રવચન કરવાનું છે. વિદ્યાગૌરી અજ્ઞાની અને ચાર્મીને એમ હતું કે આ પ્રસંગે લગ્નગીતો સાવ અલગ પ્રકારનાં લખાવવા પડશે. જો જયશંકર જોશીને ગ્રહોની આટલી બધી ચિંતા હોય અને ઢલલાબંધ સમય ઉભરાતો હોવા છતાં એમાંથી એ એક મુહૂર્ત પણ કાઢી શકતા ના હોય તો કોઇ ઉપાય વિચારવો જોઈએ. એન્જિનીયર સીએન પટેલ ચુપ રહેવા માંગતા હતા કારણ એક રીઢા સરકારી માણસ તરીકે એ કોઇનું પણ સુખ સહેલાઈથી જોઇ શકતા નહોતા. પૂર્ણપરાક્રમસિંહને મુછોનો પ્રશ્ન હતો, એમને એમ હતું કે મુછો ટ્રીમ કરાવવાથી એ ઓછા અસામાજિક લાગે એવું ગોઠવે અને નાથાલાલ માટે બીજા ચાર બાઉન્સરો લાવી આપે. આ જગતનો નિયમ છે કોઇ એક માણસ સુખી હોય તો કોનાથી સહન થતું નથી પણ જો બધા થોડા થોડા દુઃખી હોય તો કોઇને કોઇ વાંધો ના હોય.. !

બધા મીટીંગમાં એ રીતે બેઠા હતા કે આ મીટીંગ સેમી-બેસણા અને સેમી-લગનની વચ્ચેના કોઇ ઉત્સવની ઉજવણી માટેની હોય.

આજે નાથાલાલ કંઇ જુદા જ મૂડમાં હતા. પહેલીવાર આટલી બધી ઑર્ડીનરી મીટીંગમાં એમણે કોટ-પાટલુન પહેરવાનું નક્કી કર્યું અને દુર્ગા એ બાંધણી પહેરીને એમની સાથે આ મીટીંગ જવાનું નક્કી કર્યું. એ રીતે આ મીટીંગ પહેલી એવી મીટીંગ હતી જેમાં વર-વહુ બન્ને એકસાથે આયોજન અંગેની મીટીંગમાં હાજર હોય.

મગનલાલે કહ્યું, 'આપણે પહેલાં તો નાથાલાલને દુઃખ કરાવવું જોઇએ કે એમને કેટલો બધો ઉત્સાહ હતો કે પોતાના પુત્રના વરઘોડામાં એ સાફો બાંધીને ઘોડાની બાજુમાં ને બાજુમાં ચાલતા હશે. એની જગાએ પુત્ર એવો પાક્યો જેના લીધે એમણે જાતે હવે ઘોડે ચઢવું પડશે..' નાથાલાલ નક્કી નહોતા કરી શકતા કે મગનલાલ આનંદ વ્યક્ત કરી રહ્યા હતા કે શોકઠરાવ મુકી રહ્યા હતા. પણ નાથાલાલને સમજાયું છે કે જ્યારે મુર્ખ લોકો ભેગા થયા હોય એવી બેઠકમાં મૌન જ રહેવું સારું રહેશે. ત્યાં જળાશંકરે મમરો મુક્યો, વરરાજાની ઉંમર પ્રમાણે નવાં કપડાં ખરીદવાનું નક્કી કર્યું હોય અને આવું કમોસમી લગ્ન ચઢી આવે તો શું કરવું...

આશાદેવી સી પોતે હમણાં જ અમેરિકાથી આવેલા એટલે સાવ સાદી ફૉર્મ્યુલા બોલ્યા, 'સીમ્પલ, બૉયઝ માટે બ્લ્યુ અને ગર્લ્સ માટે પીંક... ' છેલ્લા કેટલાયે વખતથી છીંકણી નહોતી સુંઘી એવા નાકે છીંક ખાઇને મંગુબેન બોલ્યાં, 'અલ્યા, અમે બધાં તને બૉયઝ અને ગર્લ્સ લાગીએ છીએ, આ નાથાલાલના લગનની વાત છે કોઇ ભવાડાની નથી ! સમજી ! ' મગનલાલને લાગ્યું કે બાજી હાથમાંથી છટકતી લાગે છે ત્યારે એમણે જાણે મીટીંગ પુરી કરવાની હોય એ અદામાં બોલ્યા, 'જુઓ, નાથાલાલે લગન આપણા માટે કરવાનું નક્કી કર્યું છે, એમને ખબર જ છે કે આ લાકડાના નહીં પણ લોખંડના લાડું છે, પણ આપણો ઉત્સાહ હેઠો ના પડે એટલા માટે પોતે બલિદાન આપવા તૈયાર થયા છે. એમને ધાર્યું હોત તો ખાનગીમાં પરણી ગયાં હોત, પણ વિનાશને ઉજવી જાણે એ વીર ! એ ન્યાયે આપણે વિચારવું જોઇએ... '

એક ઐતિહાસિક કવિ સંમેલન : અખંડ કાવ્ય મહાકુંભ - ૨૪ કલાક



વિશ્વની અનેક ભાષાઓમાં અનેક કવિ સંમેલનો થતા રહે છે. પણ આજથી બરાબર એક વર્ષ પહેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ મુકામે ગુજરાતી ભાષામાં એક અનોખું, અદભુત અને ઐતિહાસિક સળંગ ૨૪ કલાકનું અખંડ કાવ્ય મહાકુંભ કવિ સંમેલન યુનિવર્સિટી કેમ્પસના આંકડાશાસ્ત્ર ભવનની આર્ટ ગેલેરીના સભાગૃહમાં યોજાયું હતું. જેમાં ૭૫ કવિઓ પ્રસ્તુત થયા.

આઝાદીના આ પંચોત્તેરમાં વર્ષે ઉજવાતા અમૃત મહોત્સવ અવસરે અખંડ કાવ્ય મહાકુંભ આયોજનમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુલાબદાસ બ્રોકર ચેર, ગુજરાતી ભાષા સાહિત્ય ભવન – સૌ.યુનિ. અને ગુજરાત સાહિત્ય અકાદમી – ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કાવ્યગાન, શબ્દાનુષ્ઠાન મહોત્સવ નિરંતર ૨૪ કલાક ઉજવાયેલો. તા. ૩૧, જુલાઈએ સાંજે સાત ને પાંચ કલાકે પૂજ્ય મોરારિબાપુના વરદ શબ્દસ્વરે આ અખંડ કાવ્ય મહાકુંભનું ઉદઘાટન થયેલું. અને તા. ૧,ઓગષ્ટ, ૨૦૨૨ની સાંજે સાત ને પાંચ કલાકે એની પૂર્ણાહૂતિ થઈ હતી.

આ અખંડ કાવ્ય મહાકુંભના પ્રણેતા હતા સૌ. યુનિ.ના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષ ડૉ. મનોજ જોશી (મજો) તેમની આ પરિકલ્પનાને સાકાર કરી ડૉ. જોશીના માર્ગદર્શનમાં યુનિવર્સિટીના વિભાગોના અધ્યાપક મિત્રોએ. ગુજરાતી ભાષામાં આટલું મોટું ને લાંબું કવિ સંમેલન સૌ પ્રથમ વખત થઈ રહ્યું હતું તેથી સાહજિક છે કે આયોજકો સામે કેટલાક પ્રશ્નો અને પડકારો પણ ઘણા હતા. સૌ પ્રથમ તો કવિઓની પસંદગી અને આખા આયોજનનો લાખો રૂપિયાનો ખર્ચ. પરંતુ કહે છે ને કે જ્યા ભાવની શુદ્ધિ હોય અને શબ્દદેવીની સાચી આરાધના હોય તો પ્રકૃતિ પણ એને સફળ બનાવવા અદૃશ્ય રીતે સહાયતા કરે જ છે અને થયું પણ એમ જ. ડૉ.મનોજ જોશીની શુદ્ધ ભાવના અને સાથી મિત્રોનો પરિશ્રમ, સાચી સદભાવનાથી આ મહાપર્વ સફળ બન્યું.

કવિઓની પસંદગી થઈ ગયા પછી પણ ઘણા બધા કવિઓના ફોન મજો ઉપર આવતા રહેલા કે અમને પણ લો. તો વળી ક્યાંક વચ્ચે પરિષદ – અકાદમી વિવાદ પણ સળવળ્યો. પણ એ બધું મેનેજ થઈ ગયું. આ આખી ટીમમાં સર્વશ્રી સનત ત્રિવેદી, ડૉ. અશ્વિનીબેન જોશી, ડૉ. મહેશભાઈ જીવાણી, ડૉ. નિલય પંડ્યા, ડૉ. સંજય પંડ્યા, ડૉ. નવનીત શાહ, ડૉ. સંજય તેરૈયા, ડૉ. પૂજા તન્ના, ડૉ. રાજુભાઈ દવે, ડૉ. રાજેન્દ્ર સેન્જલીયા, ડૉ. નિકેશ શાહ, ડૉ. ભરત ખેર, ડૉ. શ્રદ્ધાબેન બારોટ, ડૉ. દીપક પટેલ. સૌ કોઈએ આ મહાકુંભને સફળ બનાવવા છેલ્લા એક મહિનાથી દિવસ રાત જોયા વિના સતત કામ કર્યુ હતું. તો વળી ડૉ. ભરત રામાનુજનું માર્ગદર્શન પણ ખુબ ઉપયોગી રહ્યું હતું.

મિત્ર શ્રી મનોજનું આ રૂપ મેં પણ પહેલી વખત જોયું. અમારી પાંત્રીસેક વર્ષની મિત્રતામાં આવડા મોટા આયોજનમાં સૌ પ્રકારના લોકો સાથે સમાયોજન સાધીને કાર્યક્રમને સફળ બનાવીને આખા ગુજરાતના સૌ કવિઓની વાહ વાહ મેળવનાર મનોજે સૌને મોજ તો કરાવી જ દીધી પણ સૌના હૃદયમાં કાયમી એક સન્માનનીય સ્થાન પણ બનાવી લીધું. એનું મને ય ગૌરવ છે. અમારા "૭૫ કવિઓ" ના વૉટ્સપ ગ્રુપમાં એ દિવસોમાં મિત્ર મનોજ ઉપર સતત અભિનંદન અને લાગણીની વર્ષા થઈ હતી. હું માનું છું કે આટલી લાગણી, પ્રેમ અને માન સન્માન મનોજને જીવનભર ધબકતો અને જીવંત રાખશે. આ મહાકુંભમાં કાવ્યપાઠ સાથે કાવ્ય વાચિકમ પણ હતું જેમાં ફૂલછાબના તંત્રી શ્રી કૌશિક મહેતા સહિત ઘણા કલાકારો, અધ્યાપકો, ગાયકો, તથા મહાનુભાવો પણ જોડાયા હતા. આ બધા વાચિકમકારો માટે એક દિવસ તાલીમ રખાઈ હતી જેમાં કવિશ્રી સંજુ વાળા, વસંત જોશી અને રાજુભાઈ યાજ્ઞિકે વાચિકમનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાવ્ય મહાકુંભ સાંજે સાતને પાંચ કલાકે અતિ ઉત્સાહ, આનંદ અને ઊર્જાથી ગાર્ગી વોરાના કંઠે બિરાજમાન મા સરસ્વતીની પ્રાર્થનાથી, કવિવર શ્રી રાજેન્દ્ર શુકલ ગઝલના શ્લોક દ્વારા સભાગૃહને પાવન કરતા, શ્રી ભાગ્યેશ જહાની અસ્ખલિત વાણીમાં ગુજરાતી ભાષાની સાથે સંસ્કૃતના શ્લોકોનું ગાન પણ ગૂંજે અને પૂજ્ય મોરારિબાપુના આશીર્વચનોની લ્હાણી થાય એવા સભાગૃહમાં શબ્દ, સ્વર, સંવેદના અને સ્વયમ ઊર્જાનું પ્રાગટ્ય સૌ કોઈને નવી ચેતના જગાવી હતી.

સાચી કસોટી રાતની હતી. કેમ કે આખી રાત કવિ સંમેલન ચલાવવું એટલે ? આ સોશિયલ મીડિયાના યુગમાં દિવસે પણ લોકો કવિ સંમેલનોમાં નથી આવતા તો અહી તો રાત હતી. પણ સૌ આયોજકોની શુદ્ધ ભાવના અને શબ્દ પ્રત્યેની સન્નિષ્ઠતાને કારણે ઓડિયન્સ પણ આખી રાત રહ્યું. અને રાત્રીના સમયે ગુજરાતી ભાષાના યુવા કવિઓએ પણ ખુબ જ રંગત જગાવી. જેમાં ભાવેશ ભટ્ટ, ભાર્ગવ ઠાકર, ભાવિન ગોપાણી, હિમલ પંડ્યા, સ્નેહી પરમાર વગેરેની રચનાઓને રાત્રે બે, ત્રણ વાગ્યે દાદ મળતી હોય, તાલીઓ મળતી હોય એવા સૂજ્ઞ શ્રોતા ઉપસ્થિત હોય એ અહીં શક્ય બન્યું હતું. બાકી ક્યાંય પણ અશક્ય હોય છે.

આ અખંડ કાવ્ય મહાકુંભની એક ખાસ વિશેષતા એ હતી કે અહીં દરેક કલાકે આખા સભાગૃહના (હૉલના) શ્રોતાઓ બદલાઈ જતા હતા. આજે અમદાવાદ કે ગાંધીનગર કે વડોદરા કે સુરત જેવા મોટા શહેરોમાં યોજાતા કવિ સંમેલનોમાં માંડ માંડ ૨૫/૫૦ શ્રોતાઓ ભેગા થયા હોય છે જ્યારે અહીં તો ૨૪ કલાકમાંથી એક પણ કલાક હૉલ ખાલી રહ્યો નથી. કાવ્યપાઠમાં પણ કલાકના ત્રણ કે ચાર કવિઓના ભાગ પાડેલા અને એ મુજબ શ્રોતાઓ બદલાતા રહે. રાજકોટની બધી જ કૉલેજો ને સ્કૂલના સાહિત્યના વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકોની ટીમો આવી હતી. આ બધું આયોજન ખૂબ જ જહેમત, ધીરજ, સાહસ અને વિશ્વાસ માગી લે એવું હતું. આમ જોઈએ તો એક સાથે ૨૪ કવિ સંમેલનો યોજાયા કહેવાય. એક કલાકનો સ્લોટ ચાલતો હોય ત્યા દરવાજે બીજી કૉલેજના શ્રોતાઓ આવી ગયા હોય. અને વળી ખાસ નોંધ લેવા જેવી બાબત એ છે કે દરેક વિદ્યાર્થીઓને કાવ્યની સૂઝ સમજણ હતી. કવિઓને દાદ મળતી હતી. મોટેભાગે તો એક કલાક પછી અનેક વિદ્યાર્થીઓને હૉલ બહાર જવું નહોતું ગમતું. એટલી મજા આવી હતી. ગુજરાતી ભાષા મરી રહી છે, લૂપ્ત થઈ રહી છે. આવું કહેતા અભણ વિવેચકોએ અહીં અખંડ કાવ્ય મહાકુંભમાં આવવાની જરૂર હતી. ગુજરાતી ભાષાની – કાવ્યની – સાહિત્યની કેટલી સૂઝ અને સમજણ છે. એ જોવા મળેત. આ મહાકુંભમાં આવીને પરત ગયેલ અનેક વિદ્યાર્થીઓના હદયમાં કાવ્યની જ્યોત ઝળહળતી થઈ હશે. થોડા વિદ્યાર્થીઓએ પણ પોતાની કાવ્યરચનાઓ પ્રસ્તુત કરીને શબ્દદેવીની સાધના કરી હતી. જો આ બધા વિદ્યાર્થીઓને સરખી રીતે સાચું માર્ગદર્શન આપવામાં આવે તો અનેક યુવા કવિઓ ગુજરાતી ભાષાને મળી શકે એમ છે. અહી પ્રસ્તુત દરેક કવિઓને પણ આટલા સારા, સત્વશીલ અને સજ્ઞ શ્રોતાઓ કદાચ પહેલી વાર મળ્યા હશે. ગુજરાતી કવિતાનો આ મહાકુંભ એવો તો છલકાયો હતો કે આવનારા અનેક વર્ષો સુધી બધાની તરસ છિપાતી રહેશે.

આ અખંડ કાવ્ય મહાકુંભમાં ભાગ લેનાર કુલ પુષ્કરરાય જોશી, જ્યોતિ રાજ્યગુરુ, રૂચિર પંડ્યા, રાજેન્દ્ર શુકલ, ભાગ્યેશ જહા, તુષાર શુકલ, કનૈયાલાલ ભટ્ટ, સ્વરા ઓઝા, કૃષ્ણ દવે, મનોજ જોશી (મજો), પૂજા તન્ના, વિકી ત્રિવેદી, રાજવી ઓઝા, મહાદેવ પ્રસાદ મહેતા, હરદ્વાર ગોસ્વામી, ભાવેશ ભટ્ટ, નિરંજન રાજ્યગુરુ, શ્રદ્ધા રાવલ, રક્ષા શુકલ, દેવકૃષ્ણજી વ્યાસ, ભાર્ગવ ઠાકર, સુરેશ જોશી, મનોજ જોશી ",મન", પ્રેમલ યાજ્ઞિક, નેહલ જાની, વસંત જોશી, સંજુ વાળા, રાજુ યાજ્ઞિક, નરેશ સોલંકી, ભાવિન ગોપાણી, રમેશ મહેતા, શૈલેશ પંડ્યા, મિનાક્ષી ચંદારાણા, ધર્મરાજસિંહ, જયંટ ડાંગોદરા, હિમલ પંડ્યા, ધારેશ શુકલ, સ્નેહી પરમાર, અમિત વ્યાસ, રાજુ દવે, ઉષા ઉપાધ્યાય, હર્ષિત ઢેબર, મંથન જોશી, ચેતન ટાંક, રાકેશ હાંસલિયા, વિરલ શુકલ, તુષાર વ્યાસ, ગોપાલી બૂચ, આર.જે.આકાશ, શૈલેશ ટેવાણી, મહેન્દ્ર જોશી, જુગતા દવે, દિનેશ કાનાણી, પારસ હેમાણી, કિંજલ જોશી, કુલદિપ કારિયા, દિપક ત્રિવેદી, કૌશિક મહેતા, શૈલેન રાવલ, સંજય કામદાર, જિગ્નેશ ઉપાધ્યાય, લલિત ત્રિવેદી, પ્રદીપ રાવલ, ચેતસ ઓઝા, વારિજ લુહાર, હરેશ વડાવિયા, બીના ત્રિવેદી, નટવર આહલપરા, નીતિન વડગામા, હેતલ રાવલ, લક્ષ્મી ડોબરીયા, પલ્લવી વ્યાસ, અશ્વિની જોશી, ભરત ગોહેલ, ખ્યાતિ શાહ, સૌમ્ય પંડ્યા, જગદીશ ત્રિવેદી, રાજુ ગઢવી. સૌ કવિઓ, કલાકારો, અધ્યાપકો અને સંગીતકારો થકી આ કાવ્ય મહાકુંભ મહા શબ્દયાત્રા બની રહેલો.

અખંડ કાવ્ય મહાકુંભની પૂર્ણાહૂતિના પ્રસંગે ઋષિકવિ શ્રી રાજેન્દ્ર શુકલને ભેટી પડતા મિત્ર મનોજની આંખોમાંથી વહેલી આંસુઓની ધારા ત્યા ઉપસ્થિતિ અનેક લોકોની આંખો ભીની કરી ગઈ હતી. સમાપન ક્ષણો ખુબ જ પવિત્ર અને ભાવવાહી હતી. સકારાત્મક ઊર્જાથી આખો સભાગૃહ છલકાતો હતો. ૨૪ કલાક પછી પણ મજો અને અને તેની ટીમનો ઉત્સાહ સહેજેય ઓછો થયો નહોતો. આ અખંડ કાવ્ય મહાકુંભનો દૈવી અનુભવ મજો, દરેક આયોજકો, કવિઓ, કલાકારો અને સૌ કોઈ શ્રોતાઓ માટે જીવનભર યાદગાર અને અવિસ્મરણીય બની રહેશે.